અપીલ અરજી નં.૪૩૧ તા.૨૫–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી નરેશભાઈ એન બથવાર
સામાવાળા:– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ)
ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આ.અધિકારી અને જાહેર માહિતી અધિકારી
ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન,ડ્રેનેજ)
એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન,રીક્રૂટમેન્ટ)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન બથવારની તા. ૧૭–૦૬–૧૧ની અરજીથી મુદ્દાનં. (૧) સેન્ટ્રલઝોનમાં કુલ ૪૧ લાઈટ હેવી વ્હીકલની સામે કુલ ૪૭ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ છે ૬ વધારાનાં ડ્રાઈવરો રાખવા અંગેની માહિતીની નકલ (૨) સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનમાં કુલ ૪૮ વ્હીકલની સામે કુલ ૪૮ ડ્રાઈવરોની સંખ્યામાંજ ૫ વધારાનાં ડ્રાઈવરોની ગોઠવણી કરેલ છે જે ૫ વધારાનાં (ચાર ડ્રાઈવરો વ્હીકલ બેવાર જણાવેલ છે અને એક ડ્રાઈવરને રીલીવર તરીકે જણાવેલ છે) વિ.મુદ્દા નં.(૧)થી (૧૦) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૩૧ /૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ એન બથવારની તા. ૧૭–૦૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)સેન્ટ્રલઝોનમાં કુલ ૪૧ લાઈટ હેવી વ્હીકલની સામે કુલ ૪૭ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ છે ૬ વધારાનાં ડ્રાઈવરો રાખવા અંગેની માહિતીની નકલ (૨) સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનમાં કુલ ૪૮ વ્હીકલની સામે કુલ ૪૮ ડ્રાઈવરોની સંખ્યામાંજ ૫ વધારાનાં ડ્રાઈવરોની ગોઠવણી કરેલ છે જે ૫ વધારાનાં (ચાર ડ્રાઈવરો વ્હીકલ બે વાર જણાવેલ છે અને એક ડ્રાઈવરને રીલીવર તરીકે જણાવેલ છે) વિ.મુદ્દા નં (૧)થી (૧૦) ની માહિતી આપવા બાબતે મળેલ પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે તેમની તા.૧૯–૧૧–૧૧ ના પત્રથી તેમની તા.૨–૮–૧૧ ની અપીલ અરજી અંગે પ્રત્યુત્તર નહીં મળ્યાની રજૂઆત કરેલ. જે બાબતે અત્રેથી સેન્ટ્રલઝોનને એવી કોઈ અપીલ મળ્યાની ખાતરી કરી જણાવવા તથા અરજદારને પ્રથમ અપીલ તા.૨–૮–૧૧ ના રોજ અત્રેની કચેરીમાં જમા કરાવ્યાના આધાર રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૨૮ તા.૨૨–૧૧–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે અરજદાર તરફથી તા.૨–૮–૧૧ ની અપીલ અરજીની નકલ રજૂ કરેલ છે પરંતુ તે સુરત મહાનગરપાલિકાના સત્તા મંડળે સ્વીકાર્યા અંગેના કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી જે એવું સ્થાપિત કરે છે કે અરજદારે ૨–૮–૧૧ ના રોજ અધિકૃત રીતે પ્રથમ અપીલ કરેલ હોવાના અરજદારના દાવાને સમર્થન મળતું નથી. જેથી અરજદારની સદર અપીલ એપેલેટ ઓફિસરને તા. ૨૫–૧૧–૧૧ ના રોજ વિલંબિત અપીલ તરીકે દાખલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત સ્પષ્ટ કરવા તથા અરજદારની તા. ૨–૮–૧૧ના રોજની મુળ અપીલ અરજી તેમની કક્ષાએ હોય તો પણ અત્રે મોકલી આપવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૨૦૬ તા.૫–૧૨–૧૧ થી** કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ), ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આ.અધિકારી અને જાહેર માહિતી અધિકારી , ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર) , સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

( લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન,ડ્રેનેજ), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન,રીક્રુટમેન્ટ), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૦૧૪ તા.૧૪–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૪૨૫ તા.૨૦–૬–૧૧ થી કાર્યપાલક ઈજનેર તમામઝોન, ચીફ ફાયર ઓફિસર, આરોગ્ય અધિકારી, પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટ, ડ્રેનેજ ઈજનેર, ડે. ઈજનેર (વર્કશોપ)ને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૩૫૭ તા.૧–૦૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૪૦ તા.૧૫–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૩૦૪ તા.૧૨–૦૭–૧૧ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ તથા પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૪૫૮ તા.૩૦–૧૧–૧૧ થી તપાસણી અંગે પાઠવેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૬૨૨૫ તા.૧૭–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૨૪૩૧ તા.૧૨–૭–૧૧ ના પત્રની નકલ, ગાયત્રી વાહન ડેપો ખાતેના વાહનો અને ડ્રાઈવરોની યાદી અંગેનું પત્રક તથા પત્ર નં.એન.ઝેડ/આ.નં.૨૭૮૮ તા.૨૭–૭–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૩૪ તા.૧૯–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ સેન્ટ્રલઝોનને તબદીલ કરેલ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૨૩ તા.૬–૧–૧૨ થી પૂરક વિગતોમાં નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૧૪૩ તા.૨૬–૯–૧૧ થી તપાસણી કરવા અંગેના પત્રની નકલ તથા અરજદારને માહિતી અંગે સંતોષ હોવાના લખાણની અરજદારની સહી સાથેની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોન તથા ઉધનાઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગ તરફથી પત્ર નં.એફ.ઈ.એસ/૩૯૩૫ તા.૧૪–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગેપત્ર નં.એફ.ઈ.એસ/૮૧૯ તા.૮–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મ્યુ. વર્કશોપ તરફથી પત્ર નં.વર્કશોપ/આ.નં.૮૩૪ તા.૧૭–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે ઓટો વર્કશોપ/આ.નં.૨૮૬ તા.૧–૭–૧૧ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૫૫ તા.૨૦–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૧૦ તા.૨૯–૬–૧૧ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી સો.વે.મે. તરફથી પત્ર નં.ઈએચડી/સો.વે.મે./૨૪૧૯ તા.૨૮–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ, સો.વે.મે. તરફથી મુદ્દા નં.૧૦ અંગેની માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૭–૬–૧૧ ની અરજીથી મ્યુ. ડ્રાઈવરોની ભરતી બાબતેની મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગતી અરજી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટ ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૪૨૫ તા.૨૦–૬–૧૧ થી કાર્યપાલક ઈજનેર તમામઝોન, ચીફ ફાયર ઓફિસર, આરોગ્ય અધિકારી, પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટ, ડ્રેનેજ ઈજનેર, ડે. ઈજનેર (વર્કશોપ)ને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. મુદ્દા નં.(૧ ) સેન્ટ્રલઝોનમાં કુલ ૪૧ લાઈટ હેવી વ્હીકલની સામે કુલ ૪૭ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ છે ૬ વધારાનાં ડ્રાઈવરો રાખવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૫૨૧ તા.૪–૭–૧૧ થી આપની અરજી આઈ ડી. ક્રમાંક ૩૫ તા.૮–૪–૧૧ અન્વયે તા.૨૩–૫–૧૧ ના રોજ પત્ર ક્રમાંક સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૭૫ થી તમોને જવાબ પાઠવવામાં આવેલ છે. તેમ છતાં ફરી જણાવવાનું કે વધારાના કોઈ ડ્રાઈવર રાખવામાં આવેલ નથી. તેમ છતાં ઈચ્છુક હોય તો આ ૬ (છ) ડ્રાઈવરોને સોંપાતા કામ ફરજ અંગે પાછલા સમયના ફરજ સોંપણી રજીસ્ટર કે દફતરના તપાસણી નિયત ફી ભરપાઈ કરીને આપ કરી શકો છો. જે માટે પત્ર મળ્યેથી દિન–૭ માં નીચે સહી કરનારનો આગોતરો સમય લેખિતમાં મેળવવાનો રહેશે. આમ અરજદારને હકીકતલક્ષી માહિતી પૂરી પાડી તપાસણી કરવા પણ જણાવેલ છે. તથા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૧૧૪૩ તા.૨૬–૯–૧૧ થી હુકમના સંદર્ભે સેન્ટ્રલઝોન તરફથી રેકર્ડની રૂબરૂ ચકાસણી અંગે તા.૩–૧૦–૧૧ નારોજ ૧૧.૦૦ કલાકે આપવા પત્ર પાઠવવામાં આવેલ છે. જે અંગે અરજદારે ૩–૧૦–૧૧ ના રોજ કચેરીએ ઉપસ્થિત રહી બરાબર હોવાનું જણાવેલ છે. ત્યાર બાદ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૨૩ તા.૬–૧–૧૨ થી આઈ ડી નં.૩૬૧ તા.૧૭–૬–૧૧ થી માહિતી માંગેલ. જેના અનુસંધાનમાં અરજદારને પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં. ૫૨૧ તા. ૪–૭–૧૧ થી સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૪૨૫ તા.૨૦–૬–૧૧ થી કાર્યપાલક ઈજનેરશ્રી (તમામઝોન), ચીફ ફાયર ઓફિસરશ્રી, આરોગ્ય અધિકારીશ્રી, ડ્રેનેજ ઈજનેરશ્રી, પર્સોનલ ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ) અને ડે. ઈજનેરશ્રી

(વર્કશોપ) ને અરજી તબદીલ કરવામાં આવેલ છે. વધુમાં અરજદારની પ્રથમ અપીલના અનુસંધાનમાં થયેલ હુકમ અન્વયે અરજદારને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૧૧૪૩ તા.૨૬–૯–૧૧ થી પત્ર લખી રૂબરૂ ચકાસણી અર્થે ઉપસ્થિત રહેવા જણાવેલ. જેના અનુસંધાનમાં અરજદારે ચકાસણી અર્થે ૩–૧૦–૧૧ ના રોજ હાજર રહેલ અને જરૂરી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરી ૭ (સાત) વધારાના ડ્રાઈવરો અંગે આગળ કાર્યવાહી કરવાની રહેતી નથી. તે રીતનું લખાણ અત્રે આપેલ જેની નકલ આ સાથે સામેલ છે તેવું પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. મુદ્દા નં. (૨) સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનમાં કુલ ૪૮ વ્હીકલની સામે કુલ ૪ ૮ ડ્રાઈવરોની સંખ્યામાંજ ૫ વધારાનાં ડ્રાઈવરોની ગોઠવણી કરેલ છે જે ૫ વધારાનાં (ચાર ડ્રાઈવરો વ્હીકલ બે વાર જણાવેલ છે અને એક ડ્રાઈવરને રીલીવર તરીકે જણાવેલ છે). તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા /આર ટીઆઈ/ આ.નં.૩૫૭ તા.૧–૭–૧૧ થી સમય અવધિમાં હરીશભાઈ બી. કંથારીયા તથા વિનુસીંગ એ. સકતાવત વ્હીકલ નં. G-J-5-YY -7382 આઈસર નં.(૪૦૭) પર દબાણ ખાતામાં સવાર સાંજ અલગ અલગ પાળીમાં ફરજ બજાવે છે. તથા હિરેન ડી. તમાકુવાલા તથા વિનોદ આર. ભોજને વ્હીકલ નં. G-J-5-G-207 (જીપકાર) પર અઠવાઝોન વિભાગમાં સવાર સાંજ અલગ અલગ પાળીમાં ફરજ બજાવે છે. નૈનેશ એન. પટેલ ઉત્તર ગુજરાત વાહન ડેપો (આરોગ્ય) વિભાગમાં રીલીવર તરીકે ફરજ બજાવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) ઈસ્ટ (વરાછા) ઝોનમાં કુલ ૬૩ વ્હીકલની સામે ૭૪ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ છે અને ૭ બેલદારો પાસે ડ્રાઈવીંગનું કામ કરાવવામાં આવેલ છે તથા ૮ કોન્ટ્રાકટરના ડ્રાઈવરોને પણ રાખેલ છે આમ કુલ ૨૯ કોન્ટ્રકટના ડ્રાઈવરો રાખવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૩૪ તા.૧૯–૭–૧૧ થી નિયત સમય અવધિ બાદ પૂર્વઝોન વરાછામા ઈજનેર વિભાગ ઉમરવાડા વાહનડેપો લોક સેવામાં હાલમાં જેસીબી–એસ્કવેર –૩, લોડર–૨ હેવી લોડર એસ્કેવેર–૧ ડમ્પર ટ્રક –૬ ડમ્પર મઝદા–૫ ટ્રેકટર–૧ પેવર મશીન–૧ તથા રોડ રોલર–૭ એમ કુલ –૨૬ વાહનો છે તેની સાથે ડ્રાઈવરોની સંખ્યા ૨૩ છે વધુમાં મે. કમિ.શ્રીની મંજુરી મુજબ ત્રણ બેલદારો રોલર ચલાવે છે આરટીઓના નવા નિયમો મુજબ રોડ રોલર ચલવવા માટે અલગથી લાયસન્સ મેળવવું જરૂરી હોય વરાછાઝોનના લોકસેવા વિભાગમાં ફરજ બજાવતાં તમામ રોલર ડ્રાઈવર/બેલદારને લાયસન્સ મેળવી જમા કરવાની સૂચના આપવામાં આવેલ છે. વધુમાં લોકસેવા વિભાગમાં કોન્ટ્રાકટરના ડ્રાઈવરોની નિમણુંક નથી. વરાછાઝોનના આરોગ્ય વિભાગના વાહન ડેપો ખાતે ડમ્પર પ્લેસર–૯ , સ્કીપ લીફટર–૩, ખાળકુવા ગાડી–૧ , ટેન્કર–૧, જેસીબી–૧, પ્રચાર ગાડી–૧, ટ્રક–૨ એમ મળી કુલ ૧૮ વાહન ફાળવેલ છે અને ૨૦ ડ્રાઈવર ફરજ બજાવે છે. વરાછાઝોનના પાણી ખાતામાં શ્રી પંકજ વી. પટેલ, કલીનરને મે. કમિ.શ્રીની તા.૨–૫–૦૨ ની મંજુરીથી વાહન ટેન્કર ચલાવે છે. મંજુરીની નકલ પૂરી પાડવામાં આવેલ છે. ડ્રેનેજ વિભાગમાં મેઈટેનન્સ વિભાગમાં વાહનો ઉપર નિમણુંક થયેલ ડ્રાઈવરો વર્કશોપ મારફતે જે તે વાહનો ચલાવવા માટેના કોન્ટ્રાકટ હેઠળ નિમણુંક પામેલ છે માટે ડ્રેનેજ ખાતામાં ચાલતાં સુઅર જેટીંગ મશીન ગલ્વર મશીન, ડી–સીલ્ટ મશીન (થ્રી વ્હીલર ટેમ્પો) વિગેરે વાહન ઉપર નિમણુંક થયેલ ડ્રાઈવરોની નકલ ડે.ઈજનેર વર્કશોપ મારફતે મેળવવાની થતી હોય છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) ચીફ ફાયર ઓફિસરશ્રીએ ફાયર વિભાગમાં કુલ ૧૦૦ વ્હીકલની સામે ૧૩૭ લાઈટ હેવી વ્હીકલ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ છે કુલ ૩૭ વધારાના ડ્રાઈવરો રાખવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એફઈએસ/આ.નં.૮૧૯ તથા ૮૨૦ તા.૮–૭–૧૧ થી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીસ વિભાગમાં બાર બારકલાકની પાળી પ્રથા ચાલે છે જે મુજબ એક પાળીમાં ૬૮ ડ્રાઈવરો હાજર હોય છે જેમાં દેનિક ૧૦ ડ્રાઈવરો અન્ય રજા ઉપર કે વીકલી ઓફને ધ્યાને લેતાં એક પાળીમાં ફકત ૫૮ ડ્રાઈવરો હાજર હોય છે જેની સામે એક પાળીમાં ૧૦૦ વાહનો હોય જે આવશ્યક સેવાને ધ્યાને લઈ ખેરીયત રીપોર્ટ મુજબ તેમજ વાહનોની જરૂરીયાતે ધ્યાને લઈ જે તે વાહન ઉપર ડ્રાઈવરને દૈનિક ધોરણે ફરજ સોંપવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ વેસ્ટ(રાંદેર) ઝોનમાં કુલ ૫૦ વ્હીકલની સામે ૬૯ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ છે ૧૯ તાલીમાર્થી ડ્રાઈવરો રાખવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૩૦૪ તા.૧૨–૦૭–૧૧ થી નિયત સમય અવધિમાં તમારી અરજી આઈ ડી. ક્રમાંક ૪૮૫ તા.૧૪–૨–૧૧ ના રોજ પત્ર ક્રમાંક વેસ્ટઝોન/આરટીઆઈ/૮૦૧ તા.૭–૩–૧૧ થી તમોને જવાબ પાઠવવામાં આવેલ છે તેમ છતાં ફરીવાર જણાવવાનું કે ૧૯ તાલીમાંર્થી ડ્રાઈવરો રાખવા અંગેના ત્રણ કચેરી હુકમના પાના દીઠ રૂા.૨/– લેખે ૩૯ પાના મળી કુલ રૂા.૭૮/– ભર્યેથી મળી શકશે. વધુમાં જણાવવાનું કે તાલીમાર્થી ડ્રાઈવર રાખવા સિવાયથી અન્ય માહિતીની જરૂર હોય તો આ અંગેના નિયમોનુસાર અલગ અરજી કરવાની રહેશે. વધુમાં અરજદારને વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૪૫૮ તા.૩૦–૭–૧૧ થી તપાસણી કરી માહિતી મેળવવા પણ જણાવેલ છે. મુદ્દા નં.(૬) જંતુનાશક ઓફિસરે જંતુવિભાગ કુલ વ્હીકલની સામે કુલ–૨ ડ્રાઈવરો સામે કુલ–૪ ડ્રાઈવરો રાખેલ જણાવેલ છે. કુલ ૨ વધારાના ડ્રાઈવરો રાખવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ થી ૫ તથા ૭ થી ૧૦ ફાઈલેરીયા વિભાગને સ્પર્શતા ન હોય મુદ્દા નં.૬ જ સ્પર્શતો હોય તેની માહિતી પત્ર નં.પીએચડી/આઈઓ/૫૨૪ તા.૪–૭–૧૧ થી સુરત મહાનગરપાલિકામાં જાહેર આરોગ્ય ખાતા સંચાલિત વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગમાં કુલ–૩ વ્હીકલ તેમજ ડ્રાઈવર કુલ–૩ (ત્રણ) ફાળવવામાં આવેલ છે. મુદ્દા નં.૭ નોર્થઝોન (કતારગામ) ઝોનમાં કુલ ૪૯ ડ્રાઈવરોની સામે કુલ ૫૮ ડ્રાઈવરો રાખેલ જણાવેલ છે અને ૮ કોન્ટ્રાકટરના ડ્રાઈવરો પણ જણાવેલ છે કુલ ૧૭ ડ્રાઈવરો રાખવા અગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૨૪૩૧ તા.૧૨–૭–૧૧ થી નોર્થઝોન ખાતે આરોગ્ય

અને લોકસેવા વિભાગના કુલ–૪૯ વ્હીકલની સામે કુલ–૫૫ ડ્રાઈવરો ફરજ બજાવે છે જે પૈકી ૦૨ ડ્રાઈવરો આરોગ્ય વિભાગ તેમજ ૦૨ ડ્રાઈવરો લોકસેવા વિભાગમાં રીલીવર (સ્પેર) તરીકે ફરજ બજાવે છે. તેમજ ૦૨ ડ્રાઈવરો ઝોન ખાતેથી પગાર મેળવી કતારગામ વોટર વર્કસ તેમજ જાહેર બાગ બગીચામાં ઓન લોન ફરજ બજાવે છે વધુમાં વીબીડીસી વિભાગના ૦૧ વાહન સામે ૦૧ ડ્રાઈવર ફરજ બજાવે છે ડ્રેનેજ ખાતાના કુલ ૦૮ વાહનો પર હાલની તારીખે કોન્ટ્રાકટરના ૦૬ ડ્રાઈવરો તેમજ મહાનગરપાલિકાના ૦૧ ડ્રાઈવર ફરજ બજાવે છે. તેમજ કોન્ટ્રાકટરના ડ્રાઈવરો અવાર નવાર બદલાતાં રહેતા હોવાથી ડ્રાઈવરોની સંખ્યામાં ઘટાડો થવા પામેલ છે. તેમજ કોન્ટ્રાકીય ધોરણે ડ્રાઈવરો રાખવા અંગેની કામગીરી સંપૂર્ણ પણે મ્યુ. વર્કશોપ ધ્વારા કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. તથા પત્રનં.એન.ઝેડ/આર.નં. ૨૭૮૮ તા.૨૭–૭–૧૧ થી આરોગ્ય વિભાગની વાહન સંખ્યા–૨૨, લોકસેવા વિભાગના વાહનની સંખ્યા–૨૭, ડ્રેનેજ વિભાગના વાહનની સંખ્યા–૦૮ તેમજ વીબીડીસી વિભાગના વાહનની સંખ્યા –૦૧ સહિત કુલ વાહનની સંખ્યા–૫૮ થાય છે. જયારે સદરહુ વાહનોની સામે આરોગ્ય વિભાગમાં ડ્રાઈવરની સખ્યા –૨૪, લોકસેવા વિભાગના ડ્રાઈવરની સંખ્યા–૩૧, ડ્રેનેજ વિભાગના ડ્રાઈવરની સંખ્યા–૦૭ તેમજ વીબીડીસી વિભાગના ડ્રાઈવરની સંખ્યા –૦૧ મળી કુલ–૬૩ ડ્રાઈવરો હાલમાં ફરજ બજાવે છે. ઉપરોકત ૬૩ ડ્રાઈવરોમાં , ડ્રેનેજના –૦૬ કોન્ટ્રાકટરના ડ્રાઈવરોનો સમાવેશ થાય છે. જેથી તમોએ જે ૪૯ વ્હીકલની સામે ૭૦ ડ્રાઈવરની સંખ્યા દર્શાવેલ છે જે બરાબર નથી. હકીકતમાં ઝોન ખાતે ૫૮ વાહનોની સામે કુલ–૬૩ ડ્રાઈવરો ફરજ બજાવે છે છે. જે પૈકીના –૦૪ ડ્રાઈવર રીલીવર તરીકે ફરજ બજાવે છે. તેમજ ફરજ બજાવતાં કુલ–૬૩ ડ્રાઈવરો પૈકીના બીજા ૦૨ (બે) ડ્રાઈવરો અન્ય ખાતામાં ફરજ બજાવે છે. વધુમાં ઝોનના વાહનો તેમજ ડ્રાઈવરો અંગેની વિસ્તૃત સમજણ અંગે તમો કતારગામઝોનના સેકશન ઓફિસર (વહીવટી) નો કચેરીના કામકાજ દરમ્યાન સંપર્ક કરી શકો છો. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ શ્રી બી. આઈ. દલાલ એડી.સીટી ઈજનેર તા.૨૦–૧–૧૧ ના પત્ર નં.૩૫ માં ૨૧ વ્હીકલ સામે કુલ ૨૧ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ છે અને કુલ ૨૦ કોન્ટ્રાટરના ડ્રાઈવરો પણ જણાવેલ છે અન્ય વિભાગમાં ડ્રાઈવરો સ્પેરમાં હોય પછી ૨૦ કોન્ટ્રાકરટના ડ્રાઈવરો રાખવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી પત્ર નં.ડીએનજી/આરટીઆઈ/૧૯ તા.૧૨–૭–૧૧ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં.૮ ડ્રેનેજ કચેરીને સ્પર્શતો હોઈ મુદ્દા નં.૮ ની માહિતી આપાવામાં આવેલ છે. જેમાં જવાબ નં.૩૫ તા.૨૦–૧–૧૧ માં કુલ –૨૫ ડ્રાઈવરો પેકી કોન્ટ્રાકટના ડ્રાઈવરની સંખ્યા–૧૩ હોવાનું જણાવેલ છે જયારે બાકીના ૧૨ ડ્રાઈવરો ખાતાકીય હોવાનું સ્પષ્ટ જણાવવામાં આવેલ છે. જેની નકલ પણ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૯ સાઉથ વેસ્ટ (લીંબાયત) ઝોનમાં કુલ ૭ ડ્રાઈવરો કોન્ટ્રાકટરના રાખેલ જણાવેલ છે અન્ય વિભાગમાં સ્પેરમાં ડ્રાઈવરોની સંખ્યા હોવા છતાં કોન્ટ્રાકટરના ડ્રાઈવરો રાખવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે ઈન્કાર માટે કોઈ અપવાદ જણાવેલ નથી. મુદ્દા નં.(૧૦) સુરત મનપામાં કુલ ૨૧૮ ડ્રાઈવરોની ભરતી કરી હોય અને ડ્રાઈવરોને સ્પેરમાં રોકી રાખી અન્ય કોન્ટ્રાકટરના ડ્રાઈવરોને પણ રાખી સુરત મનપાને ખોટના ખાડામાં ઉતારવા અંગેની માહિતીની નકલ પારદર્શી કુલ ૧૫ ડ્રાઈવરોની માહિતીની નકલો આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સો.વે.મે. તરફથી કુલ–૨૧૮ હેવી વ્હીકલ ડ્રાઈવરો પૈકી સો.વે.મે. વિભાગમાં નિમણુંક આપવામાં આવેલ હોય તેવા ડ્રાઈવરો તથા તેમના ફરજના વાહનની વિગત અંગેનું પત્રક પુરું પાડવામાં આવેલ છે જેમાં કુલ–૧૬ ડ્રાઈવરો પૈકી ૦૪ ડ્રાઈવરોની બદલી અન્ય ઝોનમાં થયેલ છે જેની અલગ વિગત દર્શાવેલ છે. જયારે અનુક્રમ નં.૧૨ ના ડ્રાઈવર વેકશીનેશન વિભાગમાં ફરજ બજાવતાં હોવાનું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી પત્ર નં./૨૮૬ તા. ૧–૭–૧૧ થી નિયત સમય અવધિમાં મ્યુ. વર્કશોપને કોઈ મુદ્દો લાગુ પડતો નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૧૦ તા.૨૯–૬–૧૧ થી રીક્રુટમેન્ટ વિભાગનો રીપોર્ટ નીલ છે. આ સિવાય ઉધનાઝોન તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. અરજદારે તા.૨–૮–૧૧ ની કરેલી અપીલની નકલ અત્રે રજૂ કરવામાં આવેલ. જેમાંઅરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨–૮–૧૧ ના રોજ અપીલ કર્યાનું નકલ ઉપરથી જણાય છે પરંતુ તેની સ્વીકૃતિ કચેરી ખાતે થયેલ હોવાનું જણાતું નથી. જે અંગેઅરજદારે તા.૨૫–૧૧–૧૧ ના રોજ, તા.૨–૮–૧૧ ના રોજ કરેલ બંચમાં અપીલની નકલ, મુળ અરજીની નકલ રજૂ કરી વિલંબિત અપીલ કરવામાં આવેલ છે કરેલ છે. જેમાં અપીલમાં (૧)અઠવાઝોનઝોન તરફથી પાઠવેલ પ્રત્યુત્તર બાબતે સવાર અને સાંજની પાળી અંગેની માહિતી અસત્ય છે. સાંજે દબાણની કામગીરી કરવામાં આવતી નથી. અઠવાઝોન ઓફિસ ૬.૧૦ બંધ થઈ જાય જીપકારમાં કોણ બેસે છે. નૈનેશ એન. પટેલ રીલીવર તરીકે કાયમ ફરજ બજાવે છે તેવી રજૂઆત કરેલ છે. આમ અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે. (૨) અરજદારે અપીલના સેન્ટ્રલઝોનના મુદ્દા નં. (૨) તા.૧૧–૭–૧૧ ના તપાસણી લેખિત પત્ર પછી કોઈ પ્રત્યુત્તર પાઠવેલ નથી.તેવી રજૂઆત બાબતે અરજદારને સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૪૩ તા.૨૬–૯–૧૧ ના રોજ ચકાસણી માટે બોલાવેલ તેમજ અરજદારે તા.૩–૧૦–૧૧ ના રોજ ચકાસણી કરી બરાબર હોવાનું લખાણ કરેલ છે તેઅંગે અરજદારને સેન્ટ્રલઝોન ધ્વારા આરટીઆઈના પત્ર નં.૧૯૨૩ તા.૬–૧–૧૨ થી જાણ પણ કરેલ છે. આથી તે બાબતે કોઈ વિવાદને સ્થાન નથી. (૩) ફાયર વિભાગ બાબતે ફાયર વિભાગે અસત્ય પ્રત્યુત્તર પાઠવેલ છે તેવી રજૂઆત કરેલ છે. પરંતુ તે અંગે કોઈ દફતરી આધાર રજૂ કરેલ નથી. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો આપેલ માહિતીની દફતરી તપાસણી કરી ખરાઈ કરી શકે છે. (૪) રાંદેરઝોન માટે અરજદારે તપાસણી અંગેનો પ્રત્યુત્તર મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અંગે

અરજદારને જો પ્રત્યુત્તર મળેલ ન હોય તો તપાસણી અંગે પ્રત્યુત્તર થયેલ છે તેવી અપીલ તબકકે કરેલ રજૂઆત ધ્યાને લેતાં અરજદારના દાવાને સમર્થન મળતું નથી. વધુમાં અરજદારને જાહેર માહિતી અધિકારીએ નાણા ભરી માહિતી મેળવવા જણાવેલ પરંતુ અરજદારે તે અંગે માહિતી મેળવેલ છે કે કેમ? કે તપાસણી બાબતે તપાસણી મેળવેલ છે કે કેમ તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી. (૫) વરાછાઝોન માટે અરજદારે કોન્ટ્રાકટરના ૮ ડ્રાઈવરો બાબતે પ્રશ્ન પુછેલ જે અંગે કોન્ટ્રાટકરના ડ્રાઈવરો અંગેની માહિતી ડે. ઈજનેર વર્કશોપ તરફથી ફાળવાતા હોય ત્યાં લીસ્ટ હોવાનું જણાવેલ છે. જેમાં અરજદાર વર્કશોપ અંગે માહિતી સ્પર્શતી ન હોવાની આપેલ માહિતીની રજૂઆત કરેલ છે. પરંતુ અરજદારે વર્કશોપમાં કોન્ટ્રાકટર અંગેના માહિતી લીસ્ટની કોઈ માંગણી મુળ અરજીમાં કરેલ નથી. તેથી તે અગે અરજદારની રજૂઆત યથાર્થ ઠરતી નથી. આમ જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને માંગેલ માહિતી પૂરી પડાયેલ જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૬–૧૧ થી માંગવામાં આવેલ માહિતી પૈકી રાંદેરઝોન અને ફાયર ખાતાના જાહેર માહિતી અધિકારી આપેલી માહિતી અંગે અરજદાર ઈચ્છુક હોય તો વિલંબિત અપીલ ધ્યાને લઈ તપાસણી અંગે જાહેર માહિતી અધિકારીનો કચેરીના કામકાજના સમય દરમ્યાન આગોતરો સમય મેળવી તપાસણી કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયેથી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ દિન–૭ માં લાગુ કિસ્સામાં નિયત તપાસણી તથા દસ્તાવેજ ફી ભરપાઈ કરાવી અરજદારને તપાસણી પૂરી પાડવા તથા તે અંગેની થયેલી કાર્યવાહી જાણ અત્રે કરવા અનુક્રમે ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગને જણાવવામાં આવે છે.

અરજદારે અઠવાઝોનના સાંજે દબાણની કામગીરી, ઓફિસ બંધના જીપકારમાં કોણ બેસે છે અને નૈનેશ પટેલ ના રીલીવર તરીકેના પ્રશ્નો તથા વર્કશોપના કોન્ટ્રાકટરના લીસ્ટ બાબતે અપીલ તબકકેમુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્નો અંગે અલાયદી અરજી લાગત જાહેર માહિતી અધિકારીને આરટીઆઈના કાયદા અને નિયમોનુસાર કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા ઉધનાઝોન તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અનુક્રમે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોન તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન),એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ), ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આ.અધિકારી અને જાહેર માહિતી અધિકારી , ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન,ડ્રેનેજ), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન,રીક્રૂટમેન્ટ), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે
(૨)શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,